REGISTERED No. G.R.J.-24

૪(બ)

©

# The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND
CENTRAL SECTION

**PUBLISHED BY AUTHORITY**

VOL. XXXXI | MONDAY 3rd. JULY, 2000/ASHADHA 12, 1922 | No. 19

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.**

**PART–II** **EXTRAORDINARY**

## સુરત મહાનગરપાલિકા

### <u>નગર રચના યોજના, સુરત નં.૪૭ (ભેસ્તાન) નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત</u>

### અ ધિ સુ ચ ન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૪૨(૧) અને અધિનિયમના નિયમો–૧૯૭૯ના નિયમ–૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : નવીન ફલોરીન વિગેરે વાળો ઓદ્યોગિક વિસ્તાર

દક્ષિણે : સુરત મહાનગરપાલિકાની હદ તથા મોજે ઉનનો સીમાડો

પૂર્વે : સુરત–મુંબઈ રેલ્વે લાઈન

પશ્ચિમે : સુરત–નવસારી હાઈવે તથા લાગુ ડ્રાફટ ટી. પી. સ્કીમ નં. ૨૨ (ભેસ્તાન)

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યકિતઓ

તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજયપત્રમાં ઉપરોકત અધિસૂચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે, તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

સુરત.
તાઃ ૧ -૭ -૨૦૦૦

(ગુરૂ પ્રસાદ મહાપાત્ર)
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા

<u>નગર રચના યોજના, સુરત નં.૪૮ (ભેસ્તાન) નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત</u>

## અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૪૨(૧) અને અધિનિયમના નિયમો–૧૯૭૯ના નિયમ–૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ઉત્તરે | : | ડ્રાફ્ટ ટી. પી. સ્કીમ નં. ૨૨ (ભેસ્તાન) |
| દક્ષિણે | : | સુરત મહાનગરપાલિકાની હદ તથા મોજે ઉનનો સીમાડો |
| પૂર્વે | : | સુરત–નવસારી હાઈવે |
| પશ્ચિમે | : | સુરત મહાનગરપાલિકાની હદ તથા મોજે સોનારીનો સીમાડો |

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.